# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬ તા.૧૨-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : જિલ્લા એકતરફી અને જિલ્લા અરસસપરસ બદલીની અરજી કરવાની મુદત તા.૩૦-૦૪-૨૦૨૨ સુધી વધારવા બાબત.

સંદર્ભ : પત્ર ક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૨૨/સિ.ફા.-૦૬/ક તા.૧૨/૦૪/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૦૧-૦૪-૨૦૨૨નો બદલીની જોગવાઈઓનો નવો સંકલિત ઠરાવ પ્રસિદ્ધ થતાં નવા ઠરાવની જોગવાઈ મુજબ અરજી કરવા ઈચ્છતા શિક્ષકોને પણ અરસપરસ જિલ્લા ફેરબદલીની અરજી કરવાની તક મળી શકે તે હેતુસર જિલ્લા ફેર અરસપરસ અરજી કરવાની મુદત તા.૩૦-૦૪-૨૦૨૨ સુધી લંબાવવામાં આવે છે. જેની જાણ તમામ શિક્ષકોને કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૨-૦૪-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોકનં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૪૩, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૨૫
Email ID: sok51343@gmail.com

**તાત્કાલિક**

પત્ર ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૨૨/સિ.ફા.-૦૬/ક,
તારીખ: ૧૨/૦૪/૨૦૨૨

12 APR 2022
67614

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

વિષય: જિલ્લા એકતરફી અને જિલ્લા અરસ-પરસ બદલીની અરજી કરવાની મુદત તા. ૩૦/૦૪/૨૦૨૨ સુધી વધારવા બાબત.

શ્રીમાન,

આપની કચેરીની ઉપર્યુક્ત વિષય અંગેની સીંગલ ફાઇલ ક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૨૨/૧૩ ઉપરની તારીખ ૦૬/૦૪/૨૦૨૨ની નોંધથી કરેલ દરખાસ્ત અન્વયે જણાવવાનું કે આ વિભાગનો તા. ૦૧/૦૪/૨૦૨૨ નો બદલીની જોગવાઇઓનો નવો સંકલિત ઠરાવ પ્રસિધ્ધ થતાં નવા ઠરાવની જોગવાઇ મુજબ અરજી કરવા ઇચ્છતાં શિક્ષકોને પણ અરસપરસ જિલ્લા ફેરબદલીની અરજી કરવાની તક મળી શકે તે હેતુસર જિલ્લાફેર અરસપરસ અરજી કરવાની મુદત તા. ૩૦/૦૪/૨૦૨૨ સુધી વધારવા આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે તે પરત્વે આનુષંગિક કાર્યવાહી સત્વરે હાથ ધરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
(દિલીપ નાઇ)
સેક્શન અધિકારી

ઈ.નં. 67614

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/2022/3206-61
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 12/04/2022

શિક્ષણ વિભાગના તા.01/04/2022 ના ઠરાવની બદલીની જોગવાઈઓ અન્વયે અરસ પરસ બદલી ઈચ્છતા શિક્ષકોની અરજી તા.30/04/2022 સુધી આપની કક્ષાએ મેળવી લેવાની રહેશે.

(એમ.કે.રાવલ)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**નકલ રવાના જાણ સારૂ.**
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, સેકટર-13, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ, ગુજરાત, 24, યશ હેરીટેજ સોસાયટી, ભાગ-1, પાટણ

Scanned with CamScanner